# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-08-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે ભાવનગરમાં નવું કન્ટેનર ટર્મિનલ બનશે
2. પોરબંદર અને રાજકોટ વચ્ચે નવી બે ટ્રેન શરૂ કરાશે.
3. મહાનગરો-નગરોના બહુવિધ વિકાસ કામો માટે 4 હજાર 179 કરોડ રૂપિયા મંજૂર કરાયા.
4. દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ગુજરાત બીજા સ્થાન પર
5. આગામી 24 કલાકમાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી – આજે 68 તાલુકામાં સામાન્ય વરસાદ

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# ASHWINI VAISHNAV BHAVNAGAR

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભાવનગરમાં નવું કન્ટેનર ટર્મિનલ બનશે. ભાવનગર રેલવે મથકથી આજે ભાવનગર-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક ટ્રેનને લીલીઝંડી આપતા શ્રી વૈષ્ણવે આ મહત્વની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યુ હતું સુરત અને ભાવનગર વચ્ચે નવી વંદે ભારત ટ્રેન શરૂ કરાશે. ભાવનગર કન્ટેનર ઉત્પાદનનું કેન્દ્ર બનશે.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ- CONTAINER)

આ ઉપરાંત પોરબંદર અને રાજકોટ વચ્ચે નવી બે ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પૈકી એક ટ્રેન દરરોજ ચાલશે અને બીજી ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ ચાલશે. સાંભળીએ એક અહેવાલ.

(APARNA KHUNT - VC)

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે રાજકોટ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ઉભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનુ જીવન વધુ સરળ બનશે. ભાવનગરથી અયોધ્યાની ટ્રેન શરૂ થતાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ તેને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી. આ કાર્યક્રમમાં રીવા-પુણે એક્સપ્રેસ, જબલપુર-રાયપુર એક્સપ્રેસ ટ્રેનને પણ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લીલી ઝંડી આપવામાં આવી હતી. ત્યારબાદ, શ્રી વૈષ્ણવે નવાગામમાં APPL કન્ટેનર યાર્ડની મુલાકાત લીધી અને કામનું નિરિક્ષણ કર્યું. તેઓ વિકાસ ભારત સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . .

# CM SHAHERI VIKAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષમાં મહાનગરો-નગરોને બહુવિધ વિકાસ કામો માટે 4 હજાર 179 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર 7 મહાનગરપાલિકા અને 12 નગરપાલિકાઓને આ કામોનો લાભ મળશે.

(વોઇસ કાસ્ટ: મયુર સોલંકી )

*(જે મહાનગરપાલિકાના વિકાસના કામો મંજૂર કરાયા છે તેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, મોરબી, પોરબંદર અને નડિયાદ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓમાં વિસનગર, બોરસદ, વિરમગામ, પાટણ, આમોદ, ઉના, હળવદ, ખંભાળિયા, સાવરકુંડલા, ધાનેરા તેમજ વેરાવળ અને પાટણ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.*

*સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધા વિકાસ કામો માટે 3 હજાર 768 કરોડ, આઇકોનિક રોડ-ગૌરવ પથ-શહેરી સડક માટે 219 કરોડ, પાણી પુરવઠા અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ માટે 93 કરોડ અને આઉટગ્રોથ વિસ્તારો માટે 82 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)*

. . . . . . . . . . .

# MEHSANA URBAN BANK

મહેસાણા અર્બન બેન્કની ચૂંટણીનું મતદાન આજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું. મહેસાણા અર્બન કો. ઓપરેટિવ બેન્કના 8 ડિરેક્ટરોની ચૂંટણી માટે કુલ 26 ઉમેદવારો વચ્ચે ત્રિપાંખીયો મુકાબલો છે. આજે કુલ 150 મતદાન મથક પર મતદાન થયું હતું. આ ચૂંટણીમાં વિકાસ અને વિશ્વાસ પેનલ વચ્ચે કાંટાની ટક્કર છે. મતદાનની પ્રક્રિયા સવારે 8થી સાંજે 5 વાગ્યા સુધી મહેસાણા, પાટણ, અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીધામ, રાજકોટ, ગાંધીનગર અને મુંબઈની શાખાઓમાં મતદાન થયું હતું. પાટણ શહેર માટે વી.કે. ભૂલ હાઈસ્કૂલ ખાતે દસ બુથ પર 7 હજારથી વધુ મતદારોએ મતદાન કર્યું. મહેસાણા અર્બન બેન્કની ચૂંટણીનું આવતીકાલે પરિણામ આવશે.

. . . . . . . . . . .

# GUJARAT FISHERIES

દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ગુજરાત બીજા સ્થાન પર રહ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યાનુસાર છેલ્લા 4 વર્ષોમાં રાજ્યમાં કુલ મત્સ્ય ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ અંદાજે 8 લાખ 56 હજાર મેટ્રિક ટન રહ્યો છે. વર્ષ 2023-24માં રાજયનું કુલ મત્સ્ય ઉત્પાદન 9 લાખ 8 હજાર મેટ્રિક ટન હતું, જે 2024-25માં 10 લાખ 37 હજાર મેટ્રિક ટન થવાની સંભાવના છે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ વર્ષ 2025-26માં ગુજરાત માટે કેન્દ્ર સરકાર તરફથી 50 કરોડની સહાય ચૂકવવામાં આવી છે. તેનાથી પણ રાજ્યમાં મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિઓને વેગ મળી રહ્યો છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# KUTCH DRUGS

પૂર્વ કચ્છ પોલીસે અંજાર તાલુકાના ખેડોઇ ગામની હોટલમાંથી માદક પદાર્થના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે બાતમીના આધારે કરેલી કાર્યવાહીમાં આરોપી શમશેરસિંગ ઉર્ફે લવપ્રિતસિંગ જાટની ધરપકડ કરવામાં આવી છે. તે મૂળ પંજાબનો રહેવાસી છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી 24 કલાકમાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ માટે રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યુ હતું કે સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યલો એલર્ટ સાથે છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે.

(બાઇટ: પ્રદીપ શર્મા, વૈજ્ઞાનિક)

રાજયમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં 67 ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યના 52 જળાશય હાઇએલર્ટ પર છે. આજે 68 તાલુકામાં વરસાદ નોંધાયો છે.

. . . . . . . . . . .

# JUNAGADH SINH

સિંહોના આરોગ્ય અંગે ઉઠેલી અટકળો પર પૂર્ણ વિરામ લાવતા જૂનાગઢ વાઇલ્ડ લાઈફના મુખ્ય વન સંરક્ષક ડો.રામરતન નાલાએ જણાવ્યુ કે રાજ્યમાં એશિયાઈ સિંહોને હાલ કોઈ ખતરો નથી. તમામ સિંહ હાલ તંદુરસ્ત અને સ્વસ્થ છે. જે ત્રણ બાળ સિંહના મોત થયા હતા તે k નાઈન પ્રજાતિના પ્રાણીમાં થતાં એનેમિયા રોગથી થયા હતા. સલામતીના ભાગરૂપે સિંહોને આઇસોલેટ કરવામાં આવ્યા છે.

(બાઇટ: રામરતન નાલા, મુખ્ય વન સંરક્ષક)

. . . . . . . . . . .

# TAPI LAMPI VIRUS

તાપી જિલ્લામાં લમ્પી વાયરસનાં કેસ જોવા મળતા પશુપાલન વિભાગ એલર્ટ થયું છે. જિલ્લાના વ્યારા, સોનગઢ, વાલોડ, કુકરમુંડા, ડોલવણ, ઉચ્છલ અને નિઝર તાલુકાના 28 જેટલા ગામોમાં ગાયોમાં લમ્પી વાયરસના લક્ષણો દેખાયા છે, જેમાં અત્યાર સુધીમાં 7 જેટલા પોઝિટિવ કેસોને સાજા કરાયા છે. આ અંગે નાયબ પશુપાલક નિયામક ડો. આર.એસ.ગાવિતે વધુ માહિતી આપી.

(બાઈટ: ડો .આર.એસ.ગાવિત, નાયબ પશુપાલક નિયામક)

. . . . . . . . . . .

# VADODARA RAILWAY SUVIDHA

વડોદરા રેલવે મથક પર મુસાફરો માટે 'સારથી' નામની બેટરી સંચાલિત કાર્ટ સેવા શરૂ કરવામાં આવી છે. જેનાં માધ્યમથી વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ, ગર્ભવતી મહિલાઓ અને બીમાર મુસાફરોને ચોવીસ કલાક નિશુલ્ક સહાય આપવામાં આવશે. મુસાફરોની સુવિધા માટે મહિલા વેઇટિંગ રૂમ અને એસી વેઇટિંગ રૂમમાં બાળ સંભાળ કક્ષનું સૌંદર્યકરણ પણ કરાયું છે.

. . . . . . . . . . .

# ANAND-DIVYANG RAKHADI EXI.

આણંદ જિલ્લાના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, વાસદના એન.એસ.એસ. યુનિટ અને ગુરૂકૃપા રેસિડેન્શિયલ સ્પેશિયલ સ્કૂલ, આણંદના સંયુક્ત ઉપક્રમે "દિવ્યાંગ રાખડી એક્ઝિબિશન એન્ડ સેલ"નું સફળ આયોજન એસવીઆઈટી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો ઉદ્દેશ રક્ષાબંધન પર્વને સમાવેશ અને સશક્તિકરણના ભાવ સાથે ઉજવવાનો હતો. ખાસ રીતે દિવ્યાંગ કલાકારો દ્વારા હાથેથી બનાવવામાં આવેલી વૈવિધ્યસભર અને સુંદર રાખડીઓના પ્રદર્શન અને વેચાણ દ્વારા તેઓની કળા અને આત્મનિર્ભરતા પ્રત્યે સંસ્થાનો સહયોગ દર્શાવવામાં આવ્યો હતો.

. . . . . . . . . . .